eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 190
July 31, 2009

## સુરત મહાનગરપાલિકા ધવારા કારગીલ વિજયદિનની ઉજવીણી

સુરત મહાનગરપાલિકા ધવારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬ મી જુલાઈ, ૨૦૦૯ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક" લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપણીલકા ધ્વારા તા. ૦૭–૦૮–૨૦૦૯ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વેશભુષા સ્પર્ધાનું આયોજન ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોક બજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આજ રોજ તા.૨૯–૦૭–૨૦૦૯નાં રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ ગોડાદરા, પરવટ, લિંબાયત અને ઉધનાયાર્ડ વિસ્તારમાં સફાઈ અભિયન રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯–૦૭–૨૦૦૯નાં રોજ કરવામા આવેલ "ડીમોલીશનની વિગત નીચે પ્રમાણે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધવારા કારગીલ વિજયદિનની ઉજવીણી

સુરત મહાનગરપાલિકા ધવારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬ મી જુલાઈ, ૨૦૦૯ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક" લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મયુ. કમિશ્નરશ્રી કુ.એસ અર્પણા, નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સ્વાતિબેન ભટ્ટ વગેરેએ શહીદોના સ્મારકને શ્રધ્ધાસુમન રીંગ અર્પણ કરી શ્રધ્ધાજંલી અર્પણ કરી હતી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ શહીરદ જવાન....અને ભારતમાતા કી જય.... નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ પ્રસંગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ. સભ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, પ્રજાજનો, શાળાઓના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પુષ્પાજંલી અર્પણ કરી હતી.

TOP

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપણીલકા ધ્વારા તા. ૦૭–૦૮–૨૦૦૯ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વેશભુષા સ્પર્ધાનું આયોજન ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોક બજાર, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ન. પ્રા.શાળા ક્રમાંક –૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણ હોલની બાજુમાં, ચોકબજાર, સુરત ખાતેથી તા. ૦૧–૦૮–૨૦૦૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મળી શકશે.આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમતારીખ ૦૧–૦૮–૨૦૦૯ રાખવામાં આવી છે.

TOP

## લિંબાયત ઝોનની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આજ રોજ તા.૨૯–૦૭–૨૦૦૯નાં રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ ગોડાદરા, પરવટ, લિંબાયત અને ઉધનાયાર્ડ વિસ્તારમાં સફાઈ અભિયાન રાખવામાં આવેલ. જેમાં આરોગ્ય વિભાગ મારફતે ભાગ્યનગર (ગુ.હા.બોર્ડ), કૈલાસનગર, આસપાસ નગર–૧ અને ૨, રત્નપ્રભા સોસાયટી, આસ્તિકનગર, મંગલભવન સોસાયટી અને સંજયનગર લાગત રોડ વિ. વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાકથી ૨.૦૦ કલાક દરમ્યાન "સફાઈ અભિયાન" રાખવામાં આવેલ છે. જેમાં તળિયા ઝાટક સ્ક્રેપીંગ, બ્રશીંગ તથા ધૂળ–માટી સાથે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ છે. સદર સફાઈ કામગીરીમાં સુપરવાઈઝરી સ્ટાફ–૧૫, સફાઈ કામદારો–૬૬ રોકાયેલા હતા. આ સફાઈ અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતા કુલ–૧૩ ઈસમો પાસેથી રૂા.૧૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૨૧ નોટીસો આપવામાં આવેલ તેમજ ૫૦૦ ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીકન થેલીનો નાશ કરવામાં આવેલ તથા ૦૫ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તેમજ ૭૩૦ કિલોગ્રામ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯–૦૭–૨૦૦૯નાં રોજ કરવામા આવેલ ''ડીમોલીશનની વિગત નીચે પ્રમાણે છે.

ટી. પી. સ્કીમ નં.૨૪ (ટુંકી), રેવન્યુ સર્વે નં.૭૨/પૈકી, વિઠ્ઠલ ઈન્ડસ્ટ્રી એસ્ટેટની પાછળ સુરત મહાનગરપાલિકાની મંજુરી વિનાનું ઈન્ડસ્ટ્રીયલ હેતુ માટે સાત ગાળા બાંધકામ શરૂ કરેલ. જે સાતગાળા પૈકી, બે ગાળામાં સ્લેબ લેવલ સુધીનું ૨૫૬૦ ચો.ફુટનું બે ગાળામાં લીન્ટલ લેવલ સુધી ૨૫૬૦ ચો. ફુટનું તથા ત્રણ ગાળામાં પ્લીન્થ લેવલ સુધીનું ૩૮૪૦ ચો.ફુટનું તથા ટોરેન્ટ પાવર (**T.P.L.**) નું લગભગ ૧૨' × ૪૦' ના માપવિસ્તારનું સબ સ્ટેશનનું બાંધકામ દુર કરી રૂા.૧૦,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

મોજે કોસાડ, રીલયાન્સ ચાર રસ્તા પાસે ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે મેળવેલ જમીનમાંથી ૨૫ ઝુંપડાનું દબાણ દુર કરવામાં આવેલ.

**TOP**